XVIII. Balance with Vat, service tax & GST authorities

Date: September 27, 2021
Place: Mumbai

Authorised Officer
Vistra ITCL (India) Limited

# KOTAK MAHINDRA BANK LIMITED

kotak®

**Regd. Office :** 27BKC, C-27, G Block, Bandra Kurla Complex, Bandra (E), Mumbai-400051.
**BO :** 4th Floor, Admas Plaza, CST Road, Kolivery Village, Santacurz (E), Mumbai-400098.

**POSSESSION NOTICE (FOR IMMOVABLE PROPERTY)**
**(As per Appendix IV read with Rule 8 (1) of the Security Interest (Enforcement) Rules, 2002)**

**WHEREAS,** The undersigned being the Authorised Officer of the **Kotak Mahindra Bank Limited** a banking company within the meaning of the Banking Regulation Act, 1949 having it's **Registered Office at : 27BKC, C 27, G Block, Bandra-Kurla Complex, Bandra (E), Mumbai-400 051** and **Branch office at : Admas Plaza 4th Floor, 166/16, CST Road, Kolivery Village, Kunchi Kurve Nagar, Near Hotel Hare Krishna Santacurz (East), Mumbai-400 098** under Securitisation and Reconstruction of Financial Assets and Enforcement of Security Interest Act, 2002 ("SARFAESI Act") and in exercise of the powers conferred under sections 13(2) and 13 (12) read with Rule 8(1) of the Security Interest (Enforcement) Rules, 2002 issued a Demand Notice dated **26.07.2021** which was Delivered Having address at to **[1] Mrs. Nikila Shridhar** (Borrower), **[2] Mr. Neeraj Shridhar** (Co-borrower) **All Having Address at :** Flat No. 62, 6th Floor, Versova Venu CHSL., SVP Nagar, MHADA, Andheri (West), Mumbai-400 053, **Also Having Address at :** 103, 104, 105 and 106 Shiv Shakti Apartments, Sundervan Complex Plot No. 24A CTS 626 22 to 24, Andheri, Mumbai-400 053, to repay the amount mentioned in the notice being **₹ 41,72,432.68 (Rs. Forty One Lakhs Seventy Two Thousand Four Hundred Thirty Two and Sixty Eight Paisa Only)** as on **23.07.2021** together with further interest and other charges thereon at the contractual rates upon the footing of compound interest from **24th July 2021** till it's actual realization **("outstanding amount") within 60 days** from the date of publication of the said Demand Notice The aforementioned Borrower / Co-Borrower having failed to repay the amount, notice is hereby given to the Borrower / Co-Borrower and the public in general that the undersigned has taken **POSSESSION** of the property described herein below in exercise of powers conferred on him / her under Section 13(4) of the SARFAESI Act read with Rule 8 of the above said Rules on this **14th Day of October of the year 2021.**

The Borrower / Co-Borrower mentioned hereinabove in particular and the public in general is hereby cautioned not to deal with the property and any dealings with the property will be subject to the charge of the **Kotak Mahindra Bank Limited,** having **Branch address at : Admas Plaza, 4th Floor, 166/16, CST Road, Kolivery Village, Kunchi Kurve Nagar, Near Hotel Hare Krishna, Santacurz (E) Mumbai-400098** for an amount of **₹ 41,72,432.68 (Rs. Forty One Lakhs Seventy Two Thousand Four Hundred Thirty Two and Sixty Eight Paisa Only)** as on **23.07.2021** together with further interest and other charges thereon at the contractual rates upon the footing of compound interest and substitute interest, incidental expenses, costs and charges etc. due from **24th July 2021** till the date of full repayment and / or realization.

The Borrowers Attention is invited to the Provisions of Sub Section (8) of Sec 13 of the Act, in respect of time available, to redeem the secured asset.

**DESCRIPTION OF THE IMMOVABLE PROPERTY**

**All that Piece and parcel of property bearing :-**

1. Flat No. 103, Shiv Shakti Apartments, Sundervan Complex, Plot No. 24A CTS. 626 22 to 24, Andheri,Mumbai-400 053.
2. Flat No. 104, Shiv Shakti Apartments, Sundervan Complex, Plot No. 24A CTS. 626 22 to 24, Andheri,Mumbai-400 053.
3. Flat No. 105, Shiv Shakti Apartments, Sundervan Complex, Plot No. 24A CTS. 626 22 to 24, Andheri,Mumbai-400 053.
4. Flat No. 106, Shiv Shakti Apartments, Sundervan Complex, Plot No. 24A CTS. 626 22 to 24, Andheri,Mumbai-400 053.

**Date :** 14.10.2021 Sd/-
**Place :** Mumbai, MH. Authorised Officer, **Kotak Mahindra Bank Ltd.**

# UNISTAR MULTIMEDIA LIMITED

**CIN: L70100MH1991PLC243430**
**Regd. Office :** 901/902, 9th Floor, Atlanta Centre, Sonawala Lane, Opp. Udyog Bhavan, Goregaon (East), Mumbai-400063
**Tel No.** 02243211800; **Email:** unistarmultimedia@yahoo.com; **Website:** www.unistarmulti.com

**EXTRACT OF STANDALONE & CONSOLIDATED UN-AUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER AND HALF YEAR ENDED 30.09.2021**

(Rs. In Lacs except EPS)

| Sr. No | Particulars | STANDALONE | | | CONSOLIDATED | | |
|---|---|---|---|---|---|---|---|
| | | Quarter ended 30.09.2021 Un-Audited | Half year ended 30.09.2021 Un-Audited | Quarter ended 30.09.2020 Un-Audited | Quarter ended 30.09.2021 Un-Audited | Half year ended 30.09.2021 Un-Audited | Quarter ended 30.09.2020 Un-Audited |
| 1 | Total Income from operations (Net) | 65.00 | 65.00 | 3.26 | 65.00 | 65.00 | 3.26 |
| 2 | Net Profit / (Loss) for the period (before tax, Exceptional and /or Extraordinary items) | 67.02 | 69.29 | 0.64 | 67.02 | 69.29 | 0.64 |
| 3 | Net Profit / (Loss) for the period before tax (After Exceptional and /or Extraordinary items) | 67.02 | 69.29 | 0.64 | 67.02 | 69.29 | 0.64 |
| 4 | Net Profit / (Loss) for the period after tax (After Exceptional and /or Extraordinary items) | 56.97 | 58.90 | 0.64 | 56.97 | 58.90 | 0.64 |
| 5 | Total Comprehensive Income for the period [Comprising profit/loss for the period (after tax) and other comprehensive Income (after tax)] | 64.65 | 99.58 | 0.64 | 64.67 | 99.65 | 0.69 |
| 6 | Paid up Equity Share Capital (Face Value of Rs. 10/- each) | 1,000.07 | 1,000.07 | 1,000.07 | 1,000.07 | 1,000.07 | 1,000.07 |
| 7 | Other Equity* | | | | | | |
| 8 | Earnings per Equity Share in Rs. 10/- each (not annualised) | | | | | | |
| i | Basic & Diluted (Before extra-ordinary items) | 0.65 | 1.00 | 0.01 | 0.65 | 1.00 | 0.01 |
| ii | Basic & Diluted (After extra-ordinary items) | 0.65 | 1.00 | 0.01 | 0.65 | 1.00 | 0.01 |

* Other Equity stands as at 30.09.2021 Rs. (20.59) Lakhs and Rs.(20.38) Lakhs respectively for Standalone and Consolidated Financial Results.

**Note:** The above is an extract of the detailed format of Quarterly and Half yearly Un-Audited Financial Results filed with Bombay Stock Exchange Limited under Regulation 33 of the SEBI (Listing and Other Disclosure Requirements) Regulations, 2015. Full format of the Financial Results are available on the following website:
1) On the BSE Limited website: www.bseindia.com
2) On Company's website: www.unistarmulti.com

**By order of the Board of Directors**
**For Unistar Multimedia Limited**
**Sd/-**
**Suresh Bafna**
**Director**
**DIN NO. : 01569163**

**Place : Mumbai**
**Date : 13.10.2021**

# ૨૬ ઓક્ટોબર થી અમદાવાદ અને કાનપુર સેન્ટ્રલની વચ્ચે સાપ્તાહિક ફેસ્ટીવલ સ્પેશ્યલ ટ્રેન ચાલશે

અમદાવાદ, રેલવે પ્રશાસન દ્વારા દિવાળના તહેવારને ધ્યાનમાં રાખીને, યાત્રીયોની માંગ તથા સુવિધાઓને ધ્યાનમાં રાખીને અમદાવાદ અને કાનપુર સેન્ટ્રલની વચ્ચે ૨૬ ઓક્ટોબર થી ૩૦ નવેમ્બર, ૨૦૨૧ સુધી (સાપ્તાહિક) સુપર ફાસ્ટ ફેસ્ટીવલ સ્પેશ્યલ ટ્રેન (સંપૂર્ણ રીતે રીઝર્વ) ચલાવવાનો નિર્ણય કરેલો છે. જેનુ વર્ણન નીચે મુજબ છે.

ટ્રેન નં. ૦૧૯૦૬ / ૦૧૯૦૫ અમદાવાદ-કાનપુર સેન્ટ્રલ અઠવાડિક ફેસ્ટીવલ સ્પેશ્યલ

ટ્રેન નં. ૦૧૯૦૬ અમદાવાદ-કાનપુર સેન્ટ્રલ સ્પેશ્યલ જે તા. ૨૬ ઓક્ટોબર, ૨૦૨૧ થી ૩૦ નવેમ્બર ૨૦૨૧ સુધી (કુલ ૬ ટ્રિપ) દરેક મંગળવારે અમદાવાદ થી ૧૫:૦૫ કલાકે ઉપડીને બીજા દિવસે ૧૧:૫૫ કલાકે કાનપુર સેન્ટ્રલ પહોંચશે. આજ રીતે ટ્રેન સં. ૦૧૯૦૫ કાનપુર સેન્ટ્રલ-અમદાવાદ સ્પેશ્યલ તા. ૨૫ ઓક્ટોબર થી ૨૯ નવેમ્બર ૨૦૨૧ સુધી (કુલ ૬ ટ્રિપ) દરેક સોમવારે કાનપુર સેન્ટ્રલ થી ૧૫:૩૫ કલાકે ઉપડીને બીજા દિવસે ૧૧:૦૦ કલાકે અમદાવાદ પહોંચશે. રસ્તામાં બંને દિશાઓમાં આ ટ્રેન નડિયાદ, આણંદ, છાયાપુરી, ગોધરા, રતલામ, નાગદા, કોટા, સવાઈ માધોપુર, ગંગાપુર સીટી, બયાના, રુપબાસ, ફતેહપુર સિક્રી, આગ્રા ફોર્ટ, ટુંડલા તથા ઈટાવા સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેન માં સેકન્ડ એસી, થર્ડ એસી, સ્લીપર તથા સેકન્ડ સીટીંગના રીઝર્વ્ડ કોચ રહેશે.

ટ્રેન નં.૦૧૯૦૬ ની ટીકીટોનું બુકિંગ ૨૦ ઓક્ટોબર, ૨૦૨૧ થી પીઆરએસ કાઉન્ટરો અને આઈઆરસીટીસીની વેબસાઈટ પર શરૂ થશે.

યાત્રી સ્પેશ્યલ ટ્રેનોના પરિચાલન સમય, સ્ટોપેજ અને સંરચનાથી સંબંધિત વિસ્તૃત માહિતી માટે યાત્રી www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે. ઉલ્લેખનીય છે કે આ સ્પેશ્યલ ટ્રેનોમાં કન્ફર્મ ટીકીટ વાળા યાત્રીઓને જ યાત્રાની પરવાનગી રહેશે. પશ્ચિમ રેલવે દ્વારા યાત્રીઓને બોર્ડિંગ, યાત્રા અને ગંતવ્યના દરમ્યાન કોવિડ-૧૯ થી સંબંધિત તમામ માપદંડો તથા એસઓપીનું પાલન કરવાનું અનુરોધ કરવામાં આવ્યો છે.

# ઉનામાં ૬૫ લાખની આંગડીયા લૂંટથી ખળભળાટ મચી ગયો

ગીરસોમનાથ, ગીર સોમનાથ જીલ્લાનાં ઉનામાં ૬૫ લાખની આંગડીયા લૂંટથી ખળભળાટ મચી ગયો છે. એસ.ટી. બસ સ્ટેશન પાસે આંગડીયા પેઢીના એક કર્મચારી પાસે સવારે ૫ થી ૬ અજાણ્યા શખ્સો કારમાં આવીને આંગડીયા કર્મચારીને આંતરીને આંગડીયા કર્મચારી પાસેથી ૪૭ લાખની રોકડ તથા ૧૮ લાખના સોના ચાંદીના દાગીના મળી કુલ ૬૫ લાખની માલમતા ભરેલો થેલો આંચકી જતા સનસનાટી વ્યાપી ગઈ છે.

એસ.ટી. બસ સ્ટેશન પાસે ૬૫ લાખની રોકડ તથા દાગીનાની લુંટની જાણ થતા ગીર સોમનાથ જિલ્લા એ.એસ.પી. તથા ક્રાઈમ બ્રાન્ચ તપાસ માટે ઘટનાસ્થળે દોડી ગયેલ છે.આ ઘટનામાં આંગડીયા પેઢી દ્વારા અજાણ્યા લૂંટારૂ સામે પોલીસ ફરીયાદ નોંધવાની તજવીજ હાથ ધરાય છે. આંગડીયા કર્મચારી પાસેથી ૬૫ લાખની લૂંટના બનાવમાં આંગડીયા કર્મચારી પાસે આંગડીયાના ૪૭ લાખ રોકડા તથા ૧૮ લાખના સોના-ચાંદીના દાગીના ભરેલા થેલો લઈ એસ.ટી. બસમાં ભાવનગર તરફ થઈ રહ્યાની ચર્ચા થઈ રહી છે. બપોરે આ લખાય છે ત્યારે આ બનાવ અંગે પોલીસે ફરીયાદીની તજવીજ હાથ ધરી છે. ઉના બસ સ્ટેન્ડમાં આંગડિયા કર્મચારી ઉનાથી ભાવનગર જઈ રહ્યો હતો. આ દરમિયાન લૂંટારાઓએ ઘટનાને અંજામ આપ્યો હતો. લૂંટારાઓ ૪૭ લાખથી વધુની લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હતા. પોલીસને આ ઘટનાની માહિતી મળતા પોલીસની ટીમ સ્થળ પર પહોંચી હતી. આ લૂંટના સીસીટીવી પણ સામે આવ્યા છે. ઉનામાં વહેલી સવારે થયેલી લૂંટની ઘટનામાં ઉપયોગમાં લેવાયેલી કાર મળી આવી છે. ભાવનગર રોડ પર ગરાળના પાટિયા નજીક બિનવારસુ હાલતમાં આ કાર મળી આવી છે. લૂંટારાઓ આ કાર છોડીને ભાગી ગયા હોવાની શક્યતા છે.

# દેશના ૮૦ કરોડ લોકોને મફત અનાજ આપવું મોટી ઉપલબ્ધી: રાજ્યમંત્રી નિરંજન જ્યોતિ

અમદાવાદ, કેન્દ્રીય ગ્રાહક બાબતો, અનાજ અને જાહેર વિતરણ રાજ્યમંત્રી સાધ્વી નિરંજન જ્યોતિ ગુજરાતની એક દિવસની મુલાકાત લીધી. તેમણે ફૂડ કોર્પોરેશનના અધિકારીઓ, સેન્ટ્રલ વેરહાઉસ કોર્પોરેશન (સીડબલ્યૂસી) તેમજ ફૂડ કંટ્રોલર અધિકારીઓ સાથે બેઠક આયોજિત કરી હતી.

આ બેઠકમાં તેમણે લાભાર્થીઓને નિયમિત રાશન અનાજનો પુરવઠો મળી રહે તે માટે તકેદારી રાખવા કહ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત આપવામાં આવતું અનાજ ચોખ્ખું હોવું જરૂરી છે તેનું પણ ધ્યાન રાખવું જોઈએ. તેમણે સીડબલ્યૂસી એટલે કે સેન્ટ્રલ વેરહાઉસ કોર્પોરેશનના અધિકારીઓ સાથે ગુજરાતમાં ગોડાઉનની સ્થિતિ અંગે પણ માહિતી મેળવી હતી. તેમણે જે જિલ્લામાં ગોડાઉન ના હોય ત્યાં આગામી સમયમાં ગોડાઉન બનાવવા અંગે પણ અધિકારીઓ સાથે વાતચીત કરી હતી, જેથી અનાજના સ્ટોરેજની સમસ્યા ગુજરાતમાં ના થાય. ખેડૂતોને એમએસપી અંતર્ગત ભાવ મળી રહ્યા છે કે કેમ તે અંગે પણ અધિકારીઓ સાથે વાતચીત કરી હતી.

તેમણે જણાવ્યું હતું કે દેશમાં ૮૦ કરોડથી પણ વધુ લોકોને મફત રાશન આપવામાં આવી રહ્યું છે જે મોટી ઉપલબ્ધિ છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા દેશભરમાં મફત રસીકરણ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે, ત્યારે હવે આપણે દેશના એક અબજ લોકોને ટૂંક સમયમાં રસી આપવાના લક્ષ્યાંકને પૂરો કરવા જઈ રહ્યા છીએ જે કોરોનાને રોકવા માટે ઉપયોગી બની રહેશે.

# દ્વારકા : કલ્યાણપુરમાં વીજકરંટ લાગતા ૩ લોકોના મોત

દ્વારકા, દેવભૂમિદ્વારકાના કલ્યાણપુર તાલુકામાં એક જ દિવસમાં ૩ લોકોના વીજકરંટથી મોત થઈ ગયા છે. જેને લઈ સમગ્ર પંથકમાં ભય અને પીજીવીસીએલ સામે આક્રોશ જોવા મળી રહ્યો છે. લોકોનો આક્ષેપ છે કે પીજીવીસીએલની બેદરકારીના કારણે નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યો છે. જુદી-જુદી બે ઘટનાઓમાં ૩ નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યો છે. જેમાં ગઢકા ગામે ૮ વર્ષની બાળકી ઉપર જીવતો વીજવાયર પડતાં તે મોતને ભેટી છે. બીજીતરફ ચાસલાણા ગામે વાડી વિસ્તારમાં એક વ્યક્તિ લાઈટ રિપેર કરવા થાંભલા પર ચઢતાં તેને વીજકરંટ લાગ્યો. તેને બચાવવા જતા બીજા એક વ્યક્તિએ પણ જીવ ગુમાવ્યો. ઘટનામાં ૩૦ વર્ષના અરજન કાગડિયા અને ૪૭ વર્ષના ખેડૂત બાલાગર રામદતીનું મોત થયું છે. ઘટનાને લઈ કલ્યાણપુર પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધ્યો છે.

કલ્યાણપુર તાલુકાના ચાચલાણા ગામે ખેતરમાં ટીસી પર રીપેરીંગ કરવા જતાં એક વ્યક્તિને વીજ કરન્ટ લાગ્યા બાદ બીજા વ્યક્તિએ બચાવવા જતા તેને પણ વીજ કરન્ટ લાગતા મોત નીપજયું. બનાવની જાણ થતાં કલ્યાણપુર પોલીસ ઘટનાસ્થળે પહોંચી મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યા. જ્યારે બીજી ઘટનામાં કલ્યાણપુરના ગઢકા ગામે ખેતરમાં જીવંત વીજ વાયર નીચે પડતા બાળકીનું મોત થયું. બાળકી ખેતરમાં રમતી વેળાએ જ વીજ વાયર નીચે પડતા મોત નીપજયું. વીજ કરન્ટ ની બે ઘટનામાં કુલ ૩ મોત નીપજતા કલ્યાણપુર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

# પતિને ભાડાની રિક્ષા અપાવવાની લાલચ આપી મહિલાની સાથે છેડતી કરી

અમદાવાદ, નરોડા વિસ્તારમાં રહેતી અને ખાનગી કંપનીમાં નોકરી કરતી મહિલાને ઘરે બોલાવીને રિક્ષા ચાલકે છેડતી કરી હતી. પોલીસ તપાસમાં મહિલાએ રિક્ષા ચાલકને બેકાર પતિ માટે રિક્ષા ચાલાવવા અપાવવાની વાત કરી હતી, બીજા દિવસે રિક્ષા ચાલકે રિક્ષા અપાવીને મહિલા ની આબરુ લેવાનો પ્રયાસ કર્યો હતો. નિકોલ પોલીસે રિક્ષા ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.રિક્ષામાં બેસીને આવતા હતા ત્યારે બેકાર પતિને રિક્ષા ચલાવવા અપાવવાની વાત કરી હતી, બીજા દિવસ રિક્ષા ચાલકે આબરુ લેવાનો પ્રયાસ કર્યો

આ કેસની વિગત એવી છે કે નરોડા વિસ્તારમાં રહેતી ૪૦ વર્ષીય મહિલાએ નિકોલ પોલીસ સ્ટેશનમાં નિકોલ વિસ્તારમાં રહેતા વિક્રમ નામના શખ્સ સામે ફરિયાદ નોંધાવી છે કે મહિલા ખાનગી કંપનીમાં નોકરી કરતી હોવાથી તા. ૧૬ના રોજ નિકોલ વિસ્તારમાંથી ભાડાની રિક્ષામાં બેસીને ઘરે જઇ રહી હતી આ સમયે રિક્ષા ચાલકે હુ ંતમને ઓળખુ છુ તેમ કહેતા મહિલાએ વિશ્વાસ મૂકીને તેને વાત કરી હતી કે મારા પતિ હાલ બેકાર બેઠા છે તેમના માટે એક ભાડાની રિક્ષાની વ્યવસ્થા કરી આપવાની વાત કરી હતી.

જેથી યુવકે તેમના પતિને ભાડાની રિક્ષા અપાવવાની વાત કરી હતી જેને લઈને રિક્ષા ચાલકના મોબાઈલ પરથી પતિ સાથે વાત કરાવી હતી, બીજા દિવસે રિક્ષા ચાલક ફરિયાદી મહિલાના પતિને ભાડાની રિક્ષા ચલાવવા માટે આપી હતી, સાંજે મહિલા નોકરીથી છૂટીને જતી હતી ત્યારે રિક્ષા ચાલક તેમને મળ્યો હતો અને તેમારા પતિને રિક્ષા ચલાવવા આપી છે કહીને ફરિયાદી મહિલાને તમારે મારા ઘરે આવવું પડશે તેમ કહીને તેના ઘરે લઇ ગયો હતો અને ઘરે એકલતાના લાભ લઇને મહિલાને શારીરિક અડપલાં કરીને છેડતી કરી હતી ત્યાંથી બુમાબુમ કરીને મહિલા ઘરે આવી ગઇ હતી ત્યારબાદ નિકોલ પોલીસ સ્ટેશનમાં રિક્ષા ચાલક સામે ગુનો નોધાવ્યો હતો.

# સિટીબસમાં મહિલાઓ-દિવ્યાંગોને વિનામૂલ્યે મુસાફરીનાં બોર્ડ લગાવાયાં

મહેસાણા, મહેસાણા શહેરની સિટીબસ સેવામાં પાલિકા દ્વારા મહિલાઓ અને દિવ્યાંગો માટે વિનામૂલ્યે મુસાફરીની વ્યવસ્થા કરાઈ છે પરંતુ આ અંગેની સૂચના કોઈ જગ્યાએ લગાવાઈ ના હોવાથી અજાણી મહિલાઓ કે દિવ્યાંગો આ બાબતથી અજાણ રહેતા હતા તે અંગેના અખબારી અહેવાલ બાદ પાલિકાએ એજન્સીને કડક સૂચના આપતાં છેવટે એજન્સીએ માત્ર બસમાં સૂચના લગાવી છે.

મહેસાણા શહેરમાં સિટીબસ ચલાવતી ગુરુકૃપા એજન્સીની મનમાનીના કારણે શહેરીજનોને સારી સેવા આપવાનો પાલિકાના હેતુ પર પાણી ફરી વળતું અનેકવાર જોવા મળ્યું છે. સિટીબસ એજન્સીને વારંવાર પાલિકાએ મૌખિક અને લેખિત તાકીદો કરવી પડે છે. અનેક ફરિયાદો અને ટેન્ડરની શરતોના ભંગના કારણે પાલિકાએ એજન્સીને કડક શબ્દોમાં તાકીદ કરી હતી અને સપ્ટેમ્બર માસનું બિલ પણ એજન્સીને ચૂકવાયું નહોતું. નગરપાલિકાએ કરેલી જાહેરાત મુજબ મહિલાઓ અને દિવ્યાંગો માટે સિટી બસમાં વિનામૂલ્યે મુસાફરીની વ્યવસ્થા કરાઈ છે પરંતુ એજન્સી દ્વારા બસની અંદર કે બહાર આ અંગેની કોઈ સૂચના લગાવાઈ નહોતી, સિટી બસ સ્ટેન્ડ પર કે બોર્ડ પર પણ આવી સૂચના ના હોવાના કારણે પ્રથમવાર મુસાફરી કરતી કે બહારગામથી આવેલી મહિલાઓને કે દિવ્યાંગોને આ બાબતની જાણ થતી નહોતી.

# મહેસાણા પાલિકાની રિઢા બાકીદારો સામે લાલ આંખ, ૧૧ દુકાનો સીલ

મહેસાણા, મહેસાણા શહેરના મિલકતધારકો પૈકી લાંબા સમયથી નગરપાલિકામાં મિલકતવેરો ભરવામાં ઠાગાઠૈયા કરતા રિઢા બાકીદારો સામે પાલિકાએ લાલ આંખ કરી છે. હાઈવે પરના કોમ્પ્લેક્સમાં આવેલી એક જ માલિકની ૧૧ જેટલી દુકાનોનો રૂ.૫ લાખ જેટલો વેરો બાકી હોઈ સોમવારે પાલિકાની ટીમે દુકાનો સીલ કરી હતી. મહેસાણા નગરપાલિકા વિસ્તારમાં રહેણાંક અને કોમર્શિયલ વગેરે મળીને કુલ ૮૫૦૦૦ જેટલી મિલકતો આવેલી છે. જે પૈકી મોટાભાગના જાગૃત મિલકતધારકો દર વર્ષે નગરપાલિકામાં સમયસર મિલકતવેરો ભરીને ૧૦ ટકા વળતરનો લાભ પણ મેળવી લેતા હોય છે. પરંતુ કેટલાક રિઢા બાકીદારો વર્ષોથી મિલકતવેરો ભરવામાં ઠાગાઠૈયા કરતા હોઈ નગરપાલિકાના ચોપડે અગાઉના વર્ષોના મિલકત વેરા પેટે રૂ.૨૫ કરોડ જેટલી વસૂલાત બાકી બોલે છે. જેમાં ૭૦થી વધુ મિલકતધારકોનો રૂ.૧ લાખથી વધુ વેરો બાકી હોવાથી પાલિકાના સત્તાધિશો અને ચીફ ઓફિસરની સૂચનાથી નગરપાલિકાની વેરા શાખા દ્વારા આવા મિલકતધારકો પાસેથી કડક વસૂલાત કરવા ખાસ ઝૂંબેશ હાથ ધરાઈ છે. આ ઝૂંબેશ અંતર્ગત સોમવારે પાલિકાના ટેક્સ સુપ્રિન્ટેન્ડેન્ટ બ્રિજેશ પટેલ સહિત વેરાશાખાની ટીમે રિઢા બાકીદારો પાસે રૂબરૂ જઈને વેરાવસૂલાતની કાર્યવાહી કરી હતી. જે અંતર્ગત હાઈવે પર નાગલપુર વિસ્તારમાં જ્યોતિ પેટ્રોલ પંપ પાસે આવેલા સ્વાગત પ્લાઝાની પટેલ કનુભાઈ પ્રભુદાસની માલિકીની અને સંદિપ કિશોરભાઈ બારોટના ભોગવટાવાળી કુલ ૧૧ દુકાનો પાલિકાની ટીમે સીલ કરી હતી. આ ૧૧ દુકાનોનો છેલ્લા દસેક વર્ષથી કુલ રૂ.૫ લાખ જેટલો મિલકત વેરો બાકી હોઈ દુકાનો સીલ કરાઈ હોવાનું પાલિકાનાં સૂત્રોએ જણાવ્યું હતું. મહેસાણા હાઈવે પર સહારા બ્રિજ હોટલનો રૂ.૪૦ લાખ જેટલો વેરો બાકી હોઈ પાલિકાએ હાથ ધરેલી ઝૂંબેશ અંતર્ગત સોમવારે પાલિકાની ટીમ અહી પણ વસૂલાત માટે પહોંચી હતી. જો કે, મિલકત ધારકોએ રૂ.૭.૫૦ લાખ જેટલી રકમના ચેક આપતાં પાલિકાની ટીમે આ મિલકત સીલ કરવાનું ટાળ્યું હતું.

# રાજસ્થાનના બાડમેર નજીક ડીસાના સુથાર પરિવારને નડ્યો અકસ્માત, ૪ લોકોના મોત

ડીસા, રાજસ્થાનમાં બાડમેર જિલ્લામાં કાર અને ટ્રક વચ્ચે એક ગમખ્વાર અકસ્માત સર્જાતા ડીસાના સુથાર પરિવારના ૪ લોકોના મોત થયા હતા. આ દુર્ઘટનામાં પાંચ લોકોને ઈજા પહોંચી હતી. સોમવારે જાસોલ ધામથી દર્શન કરી વતન પરત ફરી રહેલા ડીસાના પરિવારને રાજસ્થાનના બાડમેર જિલ્લામાં સિણદરી પોલીસ સ્ટેશનની હદમાં અકસ્માત થયો હતો.

મળતી માહિતી અનુસાર, રાજ્યના બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકાના લક્ષ?મીપુરા ગામનો એક પરિવાર રાજસ્થાનના બાડમેર જિલ્લામાં આવેલા મંદિરે દર્શન કરવા માટે ગયો હતો. આ પરિવાર ત્યાંથી દર્શન કરીને પરત ફરી રહ્યો હતો ત્યારે રાજસ્થાનના બાડમેર જિલ્લાના સિણધરી નજીક હાઈવે પર બોલેરો કાર એક ટ્રક સાથે અથડાઈ હતી. આ અકસ્માતમાં બોલેરો કારનો ભુક્કો બોલાઈ ગયો હતો.

આ અકસ્માત એટલો ભયંકર હતો કે વાહનો બળીને ખાખ થઈ ગયા હતા, જ્યારે ઈકો ગાડીને ટક્કર લાગતા તે સાઈડમાં ઉતરી ગઈ હતી. આ અકસ્માતમાં ૪ લોકોના કરૂણ મોત નિપજ્યા હતા, જ્યારે ૫થી વધુ લોકોને ગંભીર ઈજાઓ થતા સારવાર અર્થે ડીસાની ભણસાલી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.સુથાર પરિવારના એક જ પરિવારના ચાર લોકોના કરૂણ મોત નિપજતા જ પિતાના લક્ષ?મીપુરા ગામ માં પણ શોકનો માહોલ છવાયો હતો. સીણધરી પોલીસ અધિકારી બલદેવરામ ના જણાવ્યા મુજબ ડીસાના લક્ષ?મીપુરા ગામનો સુથાર પરિવાર જસોલ માજીસા મંદિરે દર્શન કરી પરત ફરી રહ્યા હતા.

અહીં ઉલ્લેખનીય છે કે અકસ્માતની આ ઘટનામાં સુથાર પરિવારના ચાર સભ્યોના કરૂણ મોત નીપજતા લક્ષ?મીપુરા ગામમાં શોકનો માહોલ છવાયો હતો. સિણધરી પોલીસ અધિકારીના જણાવ્યા મુજબ, બનાસકાંઠાના ડીસાના લક્ષ્મીપુરા ગામનો સુથાર પરિવાર રાજસ્થાનના જસોલ ખાતે માજીસા મંદિરે દર્શન કરીને પરત ફરી રહ્યો હતો.મૃતકોના નામ ગોમતી સુથાર,ચેનાભાઈ સુથાર, ભાવનાબેન, કાનાભાઈ છે.

# સરડોઈ ગ્રામ પંચાયતની ચૂંટણીમાં સરપંચની બેઠકનો પ્રકાર બદલવા માગ

મોડાસા, અરવલ્લી જિલ્લાની ૧૯૯ ગ્રામ પંચાયતની ચૂંટણી માટેની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે, ત્યારે જિલ્લામાં ઘણી ગ્રામ પંચાયતોમાં બેઠક ફાળવણીને લઈને ગ્રામજનોમાં અસંતોષ જોવા મળી રહ્યો છે. વર્ષ ૧૯૯૩માં પંચાયતી રાજ અમલમાં આવ્યું ત્યારથી આજ સુધી લગભગ ૪૯ % જેટલી બક્ષી પંચ સમાજની વસ્તી ધરાવતા સરડોઈ ગ્રામ પંચાયતમાં સરપંચની બેઠક બક્ષીપંચ સમાજ માટે ફાળવવામાં ન આવતાં સરડોઈ ગામના બક્ષીપંચ સમાજમાંથી આવતાં અને યુવા રાજકીય અગ્રણી ચિરાગ ગોસ્વામી તેમજ ગામના ૫૫થી પણ વધુ નાગરિકો દ્વારા જરૂરી આધાર પુરાવાઓ સાથે જિલ્લા કલેકટર અને રાજ્ય ચૂંટણી આયોગને સરપંચની બેઠકનો પ્રકાર સામાન્યમાંથી બક્ષીપંચમાં ફેરબદલ કરવા માટે રજૂઆત કરવામાં આવી છે સરડોઈ ગ્રામ પંચાયતમાં પંચાયતી રાજ અમલમાં આવ્યાના લગભગ છ દાયકા જેટલો સમય વીતી ગયો છતાં આટલા વર્ષો પછી પણ બક્ષીપંચ માટે બેઠક ફાળવાઈ નથી.

# શ્રી સંકટ મોચન હનુમાન મંદિર ૧૧૦ વર્ષ જૂના હેરિટેજ મંદિરનું અનુષ્ઠાન




અમદાવાદ, નીમ કરૌલી બાબા (જ. ૧૯૦૦ - ૧૧ સપ્ટેમ્બર ૧૯૭૩) લાખો લોકો તેમને ઓળખતા હોવાથી, માનવ સ્વરૂપમાં દૈવી પ્રતિનિધિત્વની ભાગવત ગીતા ખ્યાલને યોગ્ય બનાવે છે. તેમનો જન્મ વર્ષ ૧૯૦૦માં ઉત્તર પ્રદેશના ફિરોઝાબાદ જિલ્લાના અકબરપુર નામના ગામમાં એક સમૃદ્ધ બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. તેમના પરિવારનું નામ લક્ષ્મી નારાયણ શર્મા હતું. દૈવી અવતારે ૧૦ વર્ષની ઉંમરે પોતાનું વતન છોડી દીધું અને ગુજરાતમાં મોરબી નજીક વાવણિયા નામના નાના ગામમાં સ્થાયી થવા આવ્યા. અહીં તેમણે પોતાનું આધ્યાત્મિક આર્ક પૂરું કર્યું અને ૧૯૧૭ સુધી રહ્યા. તેઓએ તેમને અહી બાબા લછમન દાસ / તલૈયા બાબા તરીકે નામ આપ્યું. તેમણે અહીં હનુમાન મંદિર બનાવ્યું અને જીલ્લામાં નીબ કરૌરી નામના ગામમાં પાછા ગયા. ફિરોઝાબાદ, ઉત્તર પ્રદેશ, જે તેમના જન્મ સ્થળની નજીક છે. તેઓ નીબ કરૌરી ગામમાં સ્થાયી થયા. ગામના લોકોને તેમના હેઠળ સુરક્ષિત લાગ્યું. તેમના મહાન આધ્યાત્મિક વ્યક્તિત્વ અને દૈવી શક્તિઓની વાર્તાઓ દૂર દૂર સુધી ફેલાયેલી છે. સાધુ સમાજે તેમને ૧૦૦૮ પરમ હંસા બાબા લક્ષ્મણ દાસના બિરુદથી અભિષેક કર્યો. તેઓ ગામના નામ બાબા નીબ કરૌરીથી લોકપ્રિય બન્યા. તેમણે ટર્મિનલ બીમારીવાળા લોકોને સાજા કર્યા, મીઠું પાણી મીઠા પાણીમાં ફેરવ્યું. લોકો તેમની વેદનાને દૂર કરવા માટે તેમની પાસે આવ્યા અને તેમની અપેક્ષાઓ માટે તેમને ખૂબ જ પ્રતિભાવ આપ્યો. તેમને હંમેશા તેમની તમામ મુશ્કેલીઓનો ત્વરિત મદદ અને જવાબ મળ્યો. વર્ષ ૧૯૩૫માં તેમણે નીબ કરૌરી ગામ છોડી દીધું અને તેમની હાજરીને મોટા સમૂહમાં ફેલાવી. તેઓ હવે નીમ કરૌલી બાબા તરીકે લોકપ્રિય હતા અને તેમની ખ્યાતિ દૂર દૂર સુધી વધી. તેમણે વિવિધ સ્થળોએ હનુમાન મંદિરો બાંધવાનું શરૂ કર્યું.(૧૯-૧૦)

# દાદરા નગર હવેલી બેઠક પર પ્રચાર માટે ગયેલા ભાજપના કાર્યકર્તાઓને સ્થાનિકોએ ભગાડ્યા

વલસાડ, કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલીની ખાલી પડેલી લોકસભા બેઠક પર આગામી ૩૦ ઑક્ટોબરે મતદાન થવા જઈ રહ્યું છે. જેના પગલે હાલ ચૂંટણીનો પ્રચાર ચરમ પર છે. જો કે આ ચૂંટણીમાં જીત મેળવવી ભાજપ માટે કપરા ચઢાણ સાબિત થઈ શકે છે. અહીંના સેલવાસના બાલાદેવી વિસ્તારમાં પ્રચાર કરવા ગયેલા ભાજપના કાર્યકર્તાઓને સ્થાનિક નાગરિકોના રોષનો ભોગ બનવાનો વારો આવ્યો છે. આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ, ગુજરાતના વલસાડ જિલ્લાને અડીને આવેલા દાદરાનગર હવેલીની લોકસભા બેઠક પર યોજાનારી પેટાચૂંટણીનો પ્રચાર કરવા માટે ભાજપના કાર્યકર્તાઓ ગામે-ગામ અને શેરીઓ ખુંદી રહ્યાં છે. આ દરમિયાન સેલવાસના બાલદેવી વિસ્તારમાં ભાજપના કાર્યકર્તાઓ ચૂંટણી પ્રચાર માટે ગયા હતા. જ્યાં સ્થાનિક લોકોએ ભાજપના કાર્યકર્તાઓને ચૂંટણીનો પ્રચાર કરવા નહતો દીધો. આટલું જ નહીં, ગામ લોકો અને ભાજપના કાર્યકર્તાઓ વચ્ચે ઉગ્ર બોલાચાલી પણ થઈ હતી. જેમાં સ્થાનિકોએ ભાજપ હાય હાયના નારા પણ લગાવ્યા હતા. જેનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં રાજકારણ ગરમાયું છે.

ઉલ્લેખનીય છે કે, દાદરાનગર હવેલીમાં ૩૦ ઑક્ટોબરે યોજાનારી પેટાચૂંટણીમાં ભાજપ, શિવસેના અને કોંગ્રેસ વચ્ચે ત્રિપાંખીયો જંગ જામવાનો છે. દાદરા નગર હવેલીના સાંસદ મોહન ડેલકરનું મુંબઈમાં શંકાસ્પદ સંજોગોમાં મોત થયા બાદ અહીં પેટાચૂંટણી યોજાઈ રહી છે. આ બેઠક પર મોહન ડેલકરની પત્ની કલાવતી ડેલકરે પણ શિવસેના તરફથી ઉમેદવારી નોંધાવી છે. આમ આ લોકસભાની ચૂંટણીમાં ડેલકર પરિવાર દ્વારા ભાજપને સીધી ટક્કર આપવામાં આવી રહી છે. મોહન ડેલકર દાદરા નગર હવેલીથી ૭ વખત સાંસદ રહી ચૂક્યા છે. તેઓ ભાજપ, કોંગ્રેસ અને અપક્ષ તરીકે અહીંથી ચૂંટાઈ ચૂક્યા છે. ૨૦૧૯માં સમગ્ર દેશમાં મોદી લહેર હોવા છતાં મોહન ડેલકર અપક્ષ તરીકે અહીંથી જીતવામાં સફળ રહ્યા હતા. તેમનો મૃતદેહ આ વર્ષે જ મુંબઈની સી ગ્રીન હોટલમાંથી મળી આવ્યો હતો. મોહન ડેલકરના મોતનું કારણ આત્મહત્યા ગણવામાં આવી રહ્યું છે. જો કે તેમના મૃતદેહ પાસેથી સ્યૂસાઈડ નોટ નહતી મળી. તેમના શંકાસ્પદ મૃત્યુ પાછળ દાદરા નગર હવેલીના એડમિનિસ્ટ્રેટર પ્રફુલ પટેલને જવાબદાર ગણવામાં આવ્યા હતા.

# એલઆઈસી મ્યુચ્યુઅલ ફંડ, એલઆઈસી મ્યુ.ફંડ બેલેન્સ્ડ એડવાન્ટેજ ફંડ લોન્ચ કરશે



અમદાવાદ, એલઆઈસી મ્યુચ્યુઅલ ફંડે આજે ઓપન એન્ડેડ ડાયનેમિક એસેટ એલોકેશન ફંડ, એલઆઈસી એમએફ બેલેન્સ્ડ એડવાન્ટેજ ફંડ (''ૈંઝસ્ત્ર મ્ષ્ઠ'') લોન્ચ કરવાની જાહેરાત કરી હતી, જે વેલ્યુએશન અને અર્નિંગ ડ્રાઈવર્સ જેવા માપદંડોના ઉપયોગ દ્વારા ઈક્વિટી અને ડેટ તથા મની માર્કેટમાં રોકાણ કરશે. એલઆઈસી એમએફ બેલેન્સ્ડ એડવાન્ટેજ ફંડ માટેની રોકાણ વ્યૂહરચના મુખ્યત્વે હાઈબ્રિડ સ્કીમ રહેશે અને તે 'ફંડામેન્ટલ ડ્રિવન મેથેમેટિકલ મોડેલ' આધારિત રહેશે. એલઆઈસી એમએફ બીએએફમાં નવી ફંડ ઓફરના મોડેલ આધારિત અનોખા રોકાણ અભિગમની માહિતી આપતાં એલઆઈસી મ્યુચ્યુઅલ ફંડ એસેટ મેનેજમેન્ટ લિમિટેડના સીઈઓ શ્રી દિનેશ પંગતેએ જણાવ્યું હતું કે, "બોન્ડ યીલ્ડ્સ એક રીતે ઈક્વિટીમાં રોકાણ કરવાની તકની કિંમત અને જોખમ લેવાની ધારણાને દર્શાવે છે. એલઆઈસીએમએફ બીએએફ ખાતે અમે ઈક્વિટી અને ડેટ વચ્ચે રહેલા વ્યસ્ત સંબંધનો ઉપયોગ ફંડામેન્ટલ ડ્રિવન મેથેમેટિકલ મોડેલના આધારે ઈક્વિટીમાંથી ડેટ અને તેનાથી વિપરિત રોકાણના ફેરફાર માટે કરીશું.

એલઆઈસીએમએફ બીએએફ મોડેલ આ સંબંધનો ઉપયોગ યોજના માટે ઈષ્ટતમ સંપત્તિ ફાળવણીનું સ્તર નક્કી કરવા માટે કરશે. મહત્તમ એસેટ એલોકેશનનું સ્તર નક્કી કરવા માટે આ મોડેલ વ્યાજદર, એક વર્ષના ફોરવર્ડ પ્રાઈસ અર્નિંગ્સ રેશિયો અને અર્નિંગ્સ યીલ્ડનો ઉપયોગ કરે છે.(૨૨-૧)


## આલોક ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ

ALOK INDUSTRIES LIMITED — INNOVATIVE TEXTIL SOLUTIONS

સીઆયએન. L17110DN1986PLC000334
રજીસ્ટર્ડ ઓફીસ: ૧૭/૫/૧, ૫૨૧/૧ ગામ રાખોલી / સાયલી, સીલવાસા - ૩૯૬૨૩૦
કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી
ટેલીફોન નંબર : ૦૨૬૦-૬૬૩૭૦૦૦; ફેક્સ નંબર :૦૨૬૦-૨૬૪૫૨૮૯
ઇમેલ આઈડી : investor.relations@alokind.com; વેબસાઈટ : www.alokind.com

**૩૦ સપ્ટેમ્બર,૨૦૨૧ના રોજ પુરા થયેલા ત્રિમાસીક / અર્ધ વર્ષ માટેના કન્સોલીડેટેડ નાણંકીય પરિણામો**

(રૂા. કરોડમાં, શેર દીઠ ડેટા સિવાય)

| ક્રમ નં. | વીગતો | ત્રિમાસીના અંતે ૩૦.૦૯.૨૦૨૧ (અનઓડીટેડ) | અર્ધ વર્ષના અંતે ૩૦.૦૯.૨૦૨૧ (અનઓડીટેડ) | ત્રિમાસીના અંતે ૩૦.૦૯.૨૦૨૦ (અનઓડીટેડ) |
|---|---|---|---|---|
| ૧ | ઓપરેશન્સમાંથી આવક (નેટ) | ૧,૯૦૪.૫૭ | ૩,૧૬૯.૦૧ | ૮૧૩.૦૭ |
| ૨ | કર પહેલાના સમયગાળા માટે ચોખ્ખો નફો / (નુકશાન) (કર અને અપવાદરૂપ વસ્તુ પહેલા) | (૮૪.૧૧) | (૧૮૧.૭૮) | (૨૦૩.૦૯) |
| ૩ | કર પહેલાના સમયગાળા માટે ચોખ્ખો નફો / (નુકશાન) (અપવાદરૂપ વસ્તુ પછી) | (૮૪.૧૧) | (૧૮૧.૭૮) | ૪,૮૧૮.૬૮ |
| ૪ | ચોખ્ખો નફો / (નુકશાન) કર પછીના સમયગાળા માટે (અપવાદરૂપ વસ્તુ પછી) * | (૮૪.૧૧) | (૧૮૧.૭૬) | ૪,૭૯૮.૬૪ |
| ૫ | કર પછીના સમયગાળા માટે કુલ વ્યાપક આવક | (૮૪.૪૧) | (૧૯૭.૪૯) | ૪,૮૩૬.૮૩ |
| ૬ | ચૂકવેલ ઇક્વિટી શેર મૂડી, ઇક્વિટી શેર્સ રૂા. ૧/- દીઠ ફેસ મુલ્ય | ૪૯૬.૫૩ | ૪૯૬.૫૩ | ૪૯૬.૫૩ |
| ૭ | પુનઃ મૂલ્યાંકન અનામત સિવાય અન્ય ઈક્વિટી ** | - | - | - |
| ૮ | ઈક્વિટી શેરદીઠ કમાણી (ઈપીએસ) ( રૂા. ૧/- દીઠ ફેસ મુલ્ય) (વાર્ષિક નથી): | | | |
| | અપવાદરૂપ વસ્તુ પછી મૂલભૂત (રૂા. માં) | (૦.૧૭) | (૦.૩૭) | ૧૭.૦૮ |
| | અપવાદરૂપ વસ્તુ પહેલા મૂલભૂત (રૂા. માં) | (૦.૧૭) | (૦.૩૭) | (૦.૮૦) |
| | અપવાદરૂપ વસ્તુ પછી મંદ /સૌમિકૃત (રૂા. માં) | (૦.૧૭) | (૦.૩૭) | ૯.૦૬ |
| | અપવાદરૂપ વસ્તુ પહેલા મંદ /સૌમિકૃત (રૂા. માં) | (૦.૧૭) | (૦.૩૭) | (૦.૮૦) |

* બિન-નિયંત્રિત વ્યાજ શામેલ છે

** ૩૧ માર્ચ, ૨૦૨૧ ના રોજ સમાપ્ત થયેલ વર્ષ માટે પુનઃમૂલ્યાંકન અનામત સિવાય અનામત રૂા. (૧૮,૩૫૦.૭૮) કરોડ

નોંધ:

૧) ઓડિટ કમિટીએ પરિણામોની સમીક્ષા કરી છે અને ઓડિટ કમિટી તેમજ બોર્ડ ઓફ ડાયરેકટર્સે ૧૮ ઓકટોબર , ૨૦૨૧ ના રોજ તેમની સંબંધિત બેઠકોમાં ઉપરોક્ત પરિણામો અને તેના પ્રકાશનને મંજૂરી આપી છે. કંપનીના વૈધાનિક ઓડિટરોએ ઉપરોક્ત પરિણામોની મર્યાદિત સમક્ષિા હાથ ધરી છે.

૨) સ્ટેન્ડઅલોન નાણાકીય પરિણામો પર વધારાની માહિતી નીચે મુજબ છે : (રૂા. કરોડમાં)

| ક્રમ નં. | વીગતો | ત્રિમાસીના અંતે ૩૦.૦૯.૨૦૨૧ (અનઓડીટેડ) | અર્ધ વર્ષના અંતે ૩૦.૦૯.૨૦૨૧ (અનઓડીટેડ) | ત્રિમાસીના અંતે ૩૦.૦૯.૨૦૨૦ (અનઓડીટેડ) |
|---|---|---|---|---|
| ૧ | ઓપરેશન્સમાંથી આવક (નેટ) | ૧,૮૭૩.૪૫ | ૩,૦૯૬.૫૩ | ૭૮૧.૭૦ |
| ૨ | સમયગાળા માટે ચોખ્ખો નફો / (નુકશાન) (કર પહેલા અપવાદરૂપ વસ્તુ) | (૭૪.૫૨) | (૧૬૬.૯૫) | (૪૬૯.૨૫) |
| ૩ | ચોખ્ખો નફો / (નુકશાન) કર પછીના સમયગાળા માટે (અપવાદરૂપ વસ્તુ પછી) | (૭૪.૫૨) | (૧૬૬.૯૫) | ૪,૪૪૨.૯૪ |
| ૪ | (કર પછીના) સમયગાળા માટે કુલ વ્યાપક આવક | (૭૪.૨૮) | (૧૬૬.૭૧) | ૪,૪૪૨.૯૪ |

3) ઉપરોક્ત પરિણામ, ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૧ ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક અને અર્ધ વર્ષ માટેના કન્સોલીડેટેડ અને સ્ટેન્ડઅલોન નાણાકીય પરિણામોનો સંક્ષિપ્ત વર્ણન છે, જે સેબીના નિયમ ૩૩ (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ અને ડિસ્કલોઝર રિકવાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ ૨૦૧૫ ને અનુલક્ષીને સ્ટોક એકસચેન્જમાં દાખલ કરવામાં આવ્યો છે. ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૧ ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક અને અર્ધ વર્ષ માટેના કન્સોલીડેટેડ અને સ્ટેન્ડઅલોન નાણાકીય પરિણામોનો સંપૂર્ણ ફોમેટ સ્ટોક એકસચેન્જની વેબસાઇટ (www.bseindia.com /www.nseindia.com) અને કંપનીની વેબસાઈટ www.alokind.com પર ઉપલબ્ધ છે.

આલોક ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ વતી
સહી/-
એ. સિદ્ધાર્થ
ચેરમેન

સ્થળ : મુંબઈ
તારીખ : ૧૮.૧૦.૨૦૨૧